પંખીની આવજાવ નથી, શું કરી શકું?
હું વૃક્ષ કે તળાવ નથી, શું કરી શકું?

જોયા કર્યા છે દૂરથી સૌ છાંયડાને મેં,
એક્કેયમાં પડાવ નથી, શું કરી શકું?

એની બધી કુટેવને જાણી ગયો છતાં
ઓછો થતો લગાવ નથી, શું કરી શકું?

આવે નહીં વળાંક તો ગભરાઈ જાઉં છું,
સીધો સરળ સ્વભાવ નથી, શું કરી શકું?

માટે જ સાથ એનો નિભાવ્યા કર્યો છે મેં,
ઝઘડો કે અણબનાવ નથી, શું કરી શકું?

કહેતા હતા એ રોજ કે થોડો તો પ્રેમ છે,
આજે કહ્યું કે સાવ નથી, શું કરી શકું?

એક જ ઉપાય છે હવે, દરિયાને કરગરું!
મારા કહ્યામાં નાવ નથી, શું કરી શકું?

ભલે કાયા અને કપડાં ઉપરથી ધૂળ ખંખેરો,
કળા જો હોય, પડછાયા ઉપરથી ધૂળ ખંખેરો.

અધૂરી રહી ગયેલી કોઈની ઇચ્છાય વંચાશે,
મળ્યો રસ્તેથી એ સિક્કા ઉપરથી ધૂળ ખંખેરો.

અમે બારી વગરના ઘરમાં પણ વર્ષો જીવી જઈશું,
ફક્ત આકાશના ફોટા ઉપરથી ધૂળ ખંખેરો.

થશે ચલચિત્ર ચાલુ ને અમે બેસી રહીશું બહાર,
અમારું કામ છે પડદા ઉપરથી ધૂળ ખંખેરો.

ફરીથી ચિત્ત ને ચ્હેરા ઉપર આવી જશે રોનક,
પ્રણયના એક-બે કિસ્સા ઉપરથી ધૂળ ખંખેરો.

વિતાવ્યું રણ છતાં રણ સાથે લઈને ક્યાં સુધી ફરશો ?
હવે પાંપણ અને ચશ્માં ઉપરથી ધૂળ ખંખેરો.

મળી છે કોઈના રૂમાલમાં ખુશ્બૂ નવી આજે,
ફરીથી આપણે શંકા ઉપરથી ધૂળ ખંખેરો.

કશું ન્હોતું અને અંતે કશું રહેશે નહીં બાકી,
જીવન છે ધૂળનાં ઢેફાં ઉપરથી ધૂળ ખંખેરો.

કળા કરવી તો ન્હોતી પણ કળા કરવી પડી અંતે,
કહ્યું છે કોઈએ પીંછા ઉપરથી ધૂળ ખંખેરો.

બને એવું કે એ જોઈ શકે ઘરની ખરી હાલત,
ચલો ભગવાનના ફોટા ઉપરથી ધૂળ ખંખેરો.

જરૂરી છે જ નહીં કે એમનાં પગલાં ઉપર ચાલો,
ઘણું જો એમનાં પગલાં ઉપરથી ધૂળ ખંખેરો.

પધારો જળ રૂપે ભગવાન, પધારો અન્ન રૂપે દેવ,
વલખતાં જીવનાં જડબાં ઉપરથી ધૂળ ખંખેરો.

ગયું છો ધૂળમાં જીવન, મરણ તો સ્વચ્છ જોઈએ,
દુપટ્ટો ઝાટકો, પંખા ઉપરથી ધૂળ ખંખેરો.

વસ્તી, બજાર, ચોક, ગલી અંધકાર છે,
છે નામની સવાર હજી અંધકાર છે.

કોઈનું સ્થાન કોઈ દી ખાલી રહે છે ક્યાં?
જો તું નથી તો તારા વતી અંધકાર છે.

ટીપે ટીપે તળાવ ભરાયું છે આપણું,
ક્ષણ ક્ષણ કરીને એક સદી અંધકાર છે.

સંતાડવાનો અર્થ નથી કોઈથી હવે,
ખુલ્લી મૂકો કે ઢાંકો છબી, અંધકાર છે.

ઊઠ્યો હતો સવાલ કે છે ઓરડામાં કોણ?
ક્યાંથી કહું કે કોઈ નથી, અંધકાર છે.

અજવાસ જોઈ સ્હેજ હરખ વ્યક્ત જો કર્યો,
દીવા તળેથી ચીસ પડી અંધકાર છે.

બે વાત સારી થાય તો વર્તાય રોશની,
થોડું વધારે બેસ સખી અંધકાર છે.

રસ્તામાં સ્વર્ગના ઘણા સામા મળ્યા હતા,
ના કોઈએ કહ્યું કે અહીં અંધકાર છે.

પકડીને મારો હાથ સડક પાર લઈ ગયો,
મેં અંધને જો જાણ કરી અંધકાર છે.

માટે ચબરખી વાંચતાં વર્ષો વીતી ગયાં,
પ્રત્યેક શબ્દ શબ્દ પછી અંધકાર છે!

દૃષ્ટિની જેમ કામ કરે ટેરવાનો સ્પર્શ,
પ્રોવી શકાય મોતી સતી અંધકાર છે.

આંખો મળી પણ આંખનો ઉપયોગ ના થયો,
આખી ગુફામાં છેક લગી અંધકાર છે.

એ ખોટી દિશામાં વળે તો જીવ બળે છે,
ને જેને ને તેને મળે તો જીવ બળે છે.

મસ્તક અને મરજી તો છે એનાં જ છતાં પણ -
કમજોર ખભા પર ઢળે તો જીવ બળે છે.

કેવી રીતે જોઈ શકું ઓગળતી પ્રતિભા?
અહીંયાં તો બરફ ઓગળે તો જીવ બળે છે.

આ કારણે વહેવા દીધાં છે આંસુ વહ્યાં તો,
જો રક્તમાં પાણી ભળે તો જીવ બળે છે.

એવી રીતે જડમૂળથી બદલાય છે ઇચ્છા,
ક્યારેક તો ઇચ્છા ફળે તો જીવ બળે છે.

દુ:ખ, દર્દ, ઉદાસીથી હું ઇચ્છું એ રહે દૂર,
એ મારી ગઝલ સાંભળે તો જીવ બળે છે.

દીવાલ બની જાય તો વાંધો જ નથી કંઈ,
પડદો બની પાંપણ છળે તો જીવ બળે છે.

શ્વાસોને ધુમાડાની હવે ટેવ પડી ગઈ,
ક્યારેક કશું ના બળે તો જીવ બળે છે.